અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને ખ્યાતનામ ખાનગી
શાળાઓમાં અભ્યાસ કરવા માટે આર્થિક સહાય

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
સચિવાલય,ગાંધીનગર
ઠરાવ ક્રમાંક: PMS/10/2015/575899/G
તા.૩૦/૦૯/૨૦૧૬

વંચાણે લીધા :-

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક :પીએમએસ/૧૦૯૯ /ન.બા.૪/ગ તા.૦૬/૦૪/૨૦૦૨

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક : પીએમએસ/૧૦૯૯ /ન.બા.૪/ગ તા.૧૨/૦૪/૨૦૦૨

## પ્રસ્તાવના

અનુસુચિત જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓ કે જેઓ દુન સ્કુલ-દહેરાદુન,સોફિયા સ્કુલ-આબુ, મેયો સ્કુલ-અજમેર ,સૈનિક શાળા- બાલાચડી,મહિલા સૈનિક શાળા-ખેરવા (જિ.મહેસાણા ) જેવી ખ્યાતનામ ખાનગી શાળાઓમાં અભ્યાસ કરતાં હોય તેઓને પ્રોત્સાહન આપવા માટે આર્થિક સહાય ચુકવવા માટેની યોજના રાજ્ય સરકાર ધ્વારા અમલમાં છે.જે મુજબના ઉક્ત વંચાણ (૧) થી (૨) માં જણાવેલ ઠરાવો સંકલિત કરી નીચે જણાવ્યા પ્રમાણે સંકલિત ઠરાવ બહાર પાડવામાં આવે છે.

## સંકલિત ઠરાવ

૧. આ યોજના હેઠળ નીચે દર્શાવેલ શાળાઓ પૈકીની કોઇ એક શાળામાં દર વર્ષે ધોરણ -૮ માં પ્રવેશ મેળવનાર અનુસુચિત જાતિના ઉચ્ચ ગુણવત્તા ધરાવતાં ૧૦ (દસ) અને ધોરણ- ૧૧ માં પ્રવેશ મેળવનાર ઉચ્ચ ગુણવત્તા ધરાવતાં ૧૦ (દસ) વિદ્યાર્થીઓને રૂ.૫૦,૦૦૦/- અથવા ખરેખર ખર્ચની રકમ એ બેમાંથી જે ઓછી હોય તેટલી રકમની સહાય આપવામાં આવશે જેમાં પ્રવેશ ફી,ટયુશન ફી, હોસ્ટેલ ફી, જમવાનો ખર્ચ,પુસ્તકો,ગણવેશ અને અન્ય આનુષાંગિક તમામ ખર્ચનો સમાવેશ થાય છે.

જે તે વર્ષે ગુજરાતની જે શાળાઓના વિદ્યાર્થીઓએ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ માં ત્રણથી વધુ વાર રાજ્યના પ્રથમ ૧૦ (દસ) વિદ્યાર્થીઓમાં સ્થાન મેળવેલ હશે તેવી શાળાઓમાં પ્રવેશ મેળવનાર અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને પણ આ યોજનાનો લાભ મેળવી શકશે.

સદરહું યોજના હેઠળ નીચે દર્શાવેલ શાળા પૈકી સૈનિક સ્કુલ બાલાચડીના સંદર્ભમાં ધોરણ-૬ માં પ્રવેશ મેળવનાર અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને અન્ય શરતો આધિન સહાય મંજુર કરવાની રહેશે. જે તે વર્ષે આ યોજનાનો લાભ મેળવનાર વિદ્યાર્થીને શિક્ષણ વિભાગ તરફથી મંજુર કરવામાં આવેલ શિષ્યવૃત્તિ મળવાપાત્ર થશે નહી.

| | |
|---|---|
| ૧ | સેન્ટ કેમીન્સ હાઇસ્કુલ, પંચગની, જિ.સતારા, મહારાષ્ટ્ર |
| ૨ | સેન્ટ ઝેવિયર્સ, પંચગની, જિ.સતારા, મહારાષ્ટ્ર |
| ૩ | બિલીમોરીયા હાઇસ્કુલ, પંચગની, જિ.સતારા, મહારાષ્ટ્ર |
| ૪ | ન્યુ યેરા હાઇસ્કુલ,પંચગની, જિ.સતારા, મહારાષ્ટ્ર |
| ૫ | સંજીવની વિદ્યાલય, પંચગની, જિ.સતારા, મહારાષ્ટ્ર |
| ૬ | દુન સ્કુલ, દહેરાદુન |
| ૭ | સોફીય સ્કુલ, આબુ |
| ૮ | મહિલા સૈનિક સ્કુલ , ખેરવા, જિ.મહેસાણા |
| ૯ | સૈનિક શાળા , બાલાચડી , જિ.મહેસાણા |
| ૧૦ | મેયો સ્કુલ , અજમેર – રાજસ્થાન |

૨. આ યોજના હેઠળ લાભ મેળવવા માટે વિદ્યાર્થીની કૌટુંબિક આવક ગરીબી રેખા માટે નક્કી થયેલ આવકના દસ ગણા કરતાં વધુ હોવી જોઇએ નહીં.

૩. આ યોજના હેઠળ દર વર્ષે સૈનિક સ્કુલ,બાલાચડી માટે ધોરણ-૬ તથા અન્ય સ્કુલો માટે ધોરણ-૮ અથવા ધોરણ-૧૧ માં દાખલ થતાં અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને એક જ વાર સહાય મળવા પાત્ર થશે.

૪. આ યોજનાનો અમલ નિયામકશ્રી અનુસુચિત જાતિ કલ્યાણ તરફથી કરવાનો રહેશે.

૫. આ અંગેનો ખર્ચ માંગણી નં. ૯૩ હેઠળ અંદાજપત્રના સદર "૨૨૨૫-અનુસુચિત જાતિઓ,અનુસુચિત આદિજાતિઓ અને અન્ય પછાતા વર્ગોનુ કલ્યાણ-૨૭૭-શિક્ષણ-(૩૨) બીસીકે -૨-એ-અનુસુચિત જાતિઓ માટેની ખાસ અંગભુત યોજના-અનુસુચિત જાતિઓ માટે ખાસ ઘટક હેઠળ યોજના-પસંદ કરવામાં આવેલ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં અનુસુચિત જાતિઓના તેજસ્વી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ " હેઠળ ઉધારવાનો અને તે હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિષ્ણુ પટેલ)
ઉપસચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી,સચિવાલય ,ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ/રાજકોટ
નિવાસી ઓડીટ અધિકારીશ્રી,ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), સચિવાલય,ગાંધીનગર.
સર્વે જિલ્લા નાયબ નિયામક (અનુસુચિત જાતિ ), (નિયામકશ્રી (અજાક) મારફત)
સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત), (નિયામકશ્રી (અજાક) મારફત)
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, (નિયામકશ્રી (અજાક) મારફત)
બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
કમ્પ્યુટર સેલ-શાખા,વિભાગની વેબ સાઇટ પર મુકવા વિનંતી સહ.
પસંદગી ફાઇલ.